રજૂઆત/ અગત્યનું

૬૪૬૨-૮૯

ક્ર:-ઉમશ/ઉમા-૪/સંઘરજૂઆત/૨૦૨૩
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર
તા. ૧૯/૮/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
તમામ

વિષય:- રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપવા બાબત ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા. ૫/૬/૨૦૨૩ ની રજૂઆત

સંદર્ભ- (૧) શિક્ષણ વિભાગના પત્ર ક્ર:- બમશ/૧૧૨૦૨૨/૧૦૫૪/ગ તા. ૧૯/૨/૨૦૨૨
(૨) ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા. ૫/૬/૨૦૨૩ ની રજૂઆત

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા. ૫/૬/૨૦૨૩ ની રજૂઆત આ કચેરીને જરૂરી કાર્યવાહી મળેલ છે જેમાં સંઘ મહામંડળ દ્વારા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપવા બાબતેની રજૂઆત આ કચેરીને મળેલ છે.

રાજયની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે બઢતી આપવા બાબતે શિક્ષણ વિભાગના તા.૧૯/૨/૨૦૨૨ ના પત્રથી સૂચના આ કચેરીને આપેલ હતી. આ કચેરીના જા. નં –ઉમશ/ઉમા-૨/૨૦૨૨/૧૪૧૩-૧૪૪૬ તા. ૭/૩/૨૦૨૨ સૂચનાનો અમલ કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ આવેલ. આમ શિક્ષણ વિભાગના તા.૧૯/૨/૨૦૨૨ પત્રથી મળેલ સૂચના મુજબ નિયમાનુસાર ચકાસણી કરી બઢતી અંગેના તમામ ધોરણો( ખાતાકિય પરીક્ષા સહિત) સંતોષતા હોઇ તેવા ઉમેદવારોને જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુન અને સિનિયર કારકુનમાંથી મુખ્ય કારકુનમાં બઢતી આપવાની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨) ખાસ ઘટક
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :-

- સેકશન અધિકારીશ્રી શિક્ષણ વિભાગ ગ - શાખા,ગ-૧ શાખા , સચિવાલય, ગાંધીનગર.
- શ્રેયાન અધિક્ષક ઉમા-૮ ,ના ટેબલે ૧૦+૨ શાખા આ કચેરી
- શ્રેયાન અધિક્ષક માધ્યમિક શાખા આ કચેરી
- મહામંત્રી,ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ શેઠ એ.ડી.હાઇસ્કૂલ મુ.પો- પુંધરા તા- માણસા જિ ગાંધીનગર